ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૨-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### બિહારની રાજકીય કટોકટી

છેલ્લા ઘણા સમયથી નીતિશની નાગચૂડમાંથી છટકી ગયેલા માંઝીએ બેફામ વાણીવિલાસ કરવા માંડ્યો હતો. પાર્ટીના જ ધારાસભ્યો એમની હકાલપટ્ટીની માગણી કરતા થઇ ગયા હતા. આખરે જદ(યુ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ યાદવે એમની વિશેષ સત્તા વાપરીને પાર્ટીના બંધારણ અનુસાર વિધાનસભા જદ(યુ) નેતા તરીકે માંઝીને બરતરફ કર્યા અને નવા નેતા તરીકે નીતીશકુમારને ચૂંટી કાઢ્યા પરંતુ અહીં ભારતનું રાજબંધારણ એમની વિરુદ્ધ જાય છે. સુભાષ કશ્યપ જેવા બંધારણના નિષ્ણાંતથી લઇ પટણા હાઇકોર્ટ સુધી કાનૂની રીતે જીતનરામ માંઝીની મુખ્યમંત્રી પદેથી હકાલપટ્ટી માન્ય ઠરતી નથી. એક તરફ જદ (યુ)ના મોટા જૂથ ઉપરાંત રાષ્ટ્રીય જનતા દળ, કોંગ્રેસ, સીપીઆઇ અને અપક્ષ ધારાસભ્ય સહિત ૧૩૦ બીજી તરફ જૂજ જદ(યુ) બળવાખોરોની ટેકાવાળા ચાલુ મુખ્યમંત્રી ભાજપના ઇશારે ખુરશી છોડવા હરગિજ સંમત નથી. તેઓ પોતાને જદ(યુ) વિધાનસભા પક્ષના ચૂંટાયેલા નેતા જ માને છે અને 'મહાદલિત'નું અપમાન કરનારા સત્તા લાલચું નીતીશકુમારે સત્તા ખાતર એમને હટાવવાનું કાવતરું રચ્યું હોવાની રજૂઆત કરી રહ્યા છે. ભાજપ માટે આ તમાશો હાલ પૂરતો તો વગર મફતનું મનોરંજન પણ છે. વળી નીતીશ-લાલુએ હાથ મિલાવ્યા હોઇ એમને પ્રજા અને દેશ સમક્ષ ખુલ્લા પાડવાની અને બદનામ કરવાની સોનેરી તક ભાજપના સહયોગી રામવિલાસ પાસવાને પણ ઝડપી લીધી છે. બંધારણીય જોગવાઇ મુજબ મુખ્યમંત્રીને વિધાનસભામાં પડકારીને જ બહુમતીના જોરે ખસેડી શકાય, એ વતા બધા જ જાણે છે. નીતીશકુમાર અને પાર્ટી રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ યાદવે રાજ્યપાલને અડતાળીશ કલાકમાં નિર્ણય લેવાનું અલ્ટિમેટમ આપ્યું હતું. પરંતુ રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીએ એમનો રંગ બતાવી દીધો છે અને જીતનરામ માંઝીની ઇચ્છા મુજબ એમને આગામી વીસમી ફેબ્રુઆરી સુધીનો સમય આપી દીધો છે. ઘેટાંના ટોળા જેવા ધારાસભ્યોને આટલા બધાં સમય સુધી કેવી રીતે સાચવી શકાશે એમને એકસો ત્રીસ ધારાસભ્યોની પટણાના રાજભવનમાં અને દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે પરેડ કરાવીને કમ કે કમ મીડિયા સમક્ષ તો બહુમતી પોતાના પક્ષે હોવાનું સાબિત કરી જ દીધું છે. પરંતુ પટણા હાઇકોર્ટ દ્વારા માંઝીને મળેલું જીવનદાન અને રાજ્યપાલ તથા કેન્દ્ર સરકારના દેખીતા સમર્થન પછી હવે ધારાસભ્યોની હેરાફેરી અટકાવવી અઘરી બની રહેશે. મોં માગી કિંમત ચૂકવીને ભાજપ નીતીશની તરફદારી કરનારા ધારાસભ્યોને ખરીદવાની કોશિશ કરશે. આમ સામસામી ખેંચમતાણ શરૂ થશે ત્યારે ધીમે રહીને રાજ્યપાલ કેન્દ્રને રાષ્ટ્રપતિ શાસનની ભલામણ મોકલાવી દેશે. ભાજપનો આ 'ગેમ પ્લાન' નીતીશકુમાર અને લાલુપ્રસાદ જેવા રાજકારણના અઠંગ ખેલાડી સુપેરે સમજે છે. રાષ્ટ્રપતિએ એમને 'ઘટતું' કરવાનું આશ્વાસન જરૂર આપ્યું છે, પરંતુ અદાલતના આદેશ કે બંધારણથી ઉપરવટ જઇને તો રાષ્ટ્રપતિ પણ બીજું શું કરી શકે? બિહારમાં નીતીશને ફરીવાર મુખ્યમંત્રી નહીં બનવા દેવાની અને રાષ્ટ્રપતિ શાસન લાદી નવેમ્બરની ચૂંટણીમાં 'મોદી વેવ' હેઠળ ભાજપ સરકાર લાવવાની નેમમં ભાજપ કેટલો સફળ થશે એ તો સમય જ કહેશે.



ગાંધીનગર શહેરના સેક્ટર-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં બે દિવસનો બાલોત્સવ હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો. નાના ભૂલકાઓની આંતરિક શક્તિઓનો વિકાસ થાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી આ બાલોત્સવ યોજવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં શાળાના ભુલકાઓએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભુલકાઓની રમતોમાં દોડ, અંક ગણતરી, ફુગ્ગા ફોડ, સંગીત ખુરશી તેમજ લીંબુ ચમચી જેવી રમતો યોજવામાં આવી હતી. ભુલકાઓને આ રમતો રમવાની ખુબ જ મજા આવી હતી. ભુલકાઓની સાથે સાથે તેમના વાલીઓની સંગીત ખુરશી જેવી રમતનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓએ પણ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વાલીઓની રમતના આયોજન દ્વારા ભુલકાઓના ઉત્સાહમાં પણ વધારો થયો હતો. વાલીઓએ પણ આ પ્રકારની રમતો યોજવા બદલ શાળાનો આભાર વ્યક્ત કર્યો હતો. વિજેતા થયેલ દરેક ભુલકાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ રમતોત્સવમાં શાળાના ભૂતપૂર્વ આચાર્ય સ્વાતિબા રાઓલે મુખ્ય મહેમાન તરીકે પધારી શાળાના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. શાળાના આ રમતોત્સવમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાન શ્રી સ્વાતિબા રાઓલના હસ્તે તેમજ શાળાના આચાર્ય શ્રી મનિષભાઈ ખત્રી સાહેબના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. વાલીઓને પણ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના તમામ ભુલકાઓને પેન્સિલ તેમજ ચોકલેટ પણ આપવામાં આવ્યા હતા. બાલોત્સવમાં વાલીઓને પણ ઈનામ આપવામાં આવ્યા હોવાથી તેમના ઉત્સાહમાં પણ વધારો થયો હતો. રમતોત્સવમાં ભાગ લેનાર તમામ ભુલકાઓ તેમજ વાલીઓને શાળાના ટ્રસ્ટી સાહેબ નરેશભાઈ શાહ તેમજ પ્રદિપસિંહ બિહોલા તેમજ શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.



હવેલી મંદિર, સે. ૨૧ ખાતે પૂ.પા. ગૌસ્વામી શ્રી વ્રજલતા મહોદયાશ્રીના વચનામૃતનો લાભ ભક્તજનોએ લીધો હતો. ત્યારબાદ તેઓના વરદહસ્તે આશીર્વાદ પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી.

### શિવકથામાં શિવ વિવાહ પ્રસંગ ઉજવાયો આજે અશ્વિન જોષી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૧૨

પાટનગરના સેક્ટર-૬ ખાતે શિવકથા ચાલી રહી છે ત્યારે આજે શિવકથામાં શિવ વિવાહ પ્રસંગ યોજવામાં આવ્યો હતો. વાજતે ગાજતે ઢોલ નગારા સાથે શિવજીની જાન કાઢવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપતભાઈ વસાવા, યોગ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. બંસીધર ઉપાધ્યાય તેમજ સંતશ્રી દંડીબાપુ ઉપસ્થિત રહ્યા હતા. શિવ વિવાહ પ્રસંગમાં સ્વાઈન ફલુને રોકવા સાંજે ૫.૩૦ વાગે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉકાળાનું વિતરણ તા. ૧૩ થી ૧૫ ફેબ્રુઆરી સુધી કરવામાં આવશે. તેમજ આજે શુક્રવારે કાર્તિકેય પ્રાગટય પ્રસંગે ઉજવાશે. આજે કથામાં બપોરે ૩-૦૦ વાગે મા-બાપને ભુલશો નહિ ફેઈમ અશ્વિન જોષી ઉપસ્થિત રહેશે.

### હરિની દૃષ્ટિ...



સાહેબ મફલરવાળો આવ્યો છે... કહે છે મારે પણ સાથે ચ્હા પીવી છે.. !!

## વિદ્યાર્થી શિષ્યવૃત્તિ સીધી બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાશે

અમદાવાદ, તા.૧૨

સામાજિક શૈક્ષણિકરીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને સરકાર તરફથી અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. કોલેજો અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આ શિષ્યવૃત્તિ સીધી તેમના બેંક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવે છે ત્યારે હવે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃત્તિ સીધી તેમના બેંક એકાઉન્ટમાં જ મળી રહે તે માટે જનધન યોજના અંતર્ગત ખાસ સ્કીમ તૈયાર કરાઈ છે. જેને લઈને રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બક્ષીપંચના વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટની વિગતો એકઠી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પ્રાપ્તથતી માહિતી મુજબ અત્યારે સમગ્ર દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જનધન યોજના અંતર્ગત બેંક એકાઉન્ટ ખોલવાની ચર્ચા ચાલી રહી છે ત્યારે આ યોજના અંતર્ગત રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બક્ષીપંચ વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ સીધી તેમના બેંક એકાઉન્ટમાં જમા થાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જે મુજબ અત્યારે દરેક જિલ્લા વિકાસ શિક્ષણ અધિકારીઓ દ્વારા તેમના વિસ્તારની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બક્ષીપંચના વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટની વિગતો શાળાના આચાર્યો પાસે માંગવામાં આળી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની સાથેતેમના માતા-પિતાના સંયુક્ત બેંક એકાઉન્ટ હોય તો પણ તેની વિગતો માંગવામાં આવી છે જે અંતર્ગત દરેક શાળાઓએ તેમની શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯થી ૧૨ના બક્ષીપંચના વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટની વિગતો મોકલી આપવા માટે જણાવવામાં આવ્યું છે.

કોલેજ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્તીઓને છેલ્લા આઠ વર્ષથી શિષ્યવૃત્તિ સીધી તેમના બેંક એકાઉન્ટમાં જ જમા કરાવવામાં આવે છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં પણઆ યોજના લાગુ છે.

### આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા શિવરાત્રી મહાસત્સંગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

આર્ટ ઓફ લીવીંગના પ્રણેતા પરમ પુજ્ય શ્રી શ્રી રવિશંકરજી દ્વારા ૨-માર્ચ-૨૦૧૫ના રોજ સોમવારે સવારે ૭.૩૦ વાગે, રામકથા મેદાન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે રૂદ્રપૂજા કરવામાં આવશે. તેમજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

શિવરાત્રીના પાવન દિવસે ૧૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૭.૦૦ થી ૯.૦૦ કલાક દરમ્યાન બીજા માળે, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧ ખાતે બેંગ્લોર આશ્રમમાં પરમ પુજ્ય શ્રી શ્રી રવિશંકરજીના સાનિધ્યમાં કરવામાં આવેલ રૂદ્રપુજા 'રુદ્રમ' પ્રોજેક્ટર દ્વારા દર્શાવવામાં આવશે. તેમજ રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન વૈજનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૨૨ ખાતે મહાસત્સંગનું આયોજન કરવામાં આવેલ છે. શિવરાત્રીના આ બંને કાર્યક્રમમાં ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી સહભાગી અને લાભાન્વિત થવા આર્ટ ઓફ લીવીંગ, પરિવાર ગાંધીનગર દ્વારા ભાવભિનું આમંત્રણ આપવામાં આવે છે. વધુ માહિતી માટે ભુલાભાઈ કડિયા મો. નં. ૯૯૦૯૯૨૫૬૦૬ નો સંપર્ક કરવો.

### સંત રોહિદાસ અને વીરમેઘમાયા વિષે પરિસંવાદ યોજાશે

સંત રોહિદાસ અને શહીદવીર મેઘમાયાની સ્મૃતિ દિને તા. ૧૪મી ફેબ્રુઆરી બપોરે ૧.૩૦ વાગે નગરપાલિકા ભવન સેક્ટર-૧ ખાતે અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા પરિસંવાદ યોજેલ છે. મુખ્ય મહેમાન પદે પૂ. જયદેવબાપુ જૂનાગઢ, કનુભાઈ વ્યાસ, નિવૃત્ત ડિસ્ટીક્ટ જજ શ્રી પી.આર. અડીયોલ, મેનેજર પશ્ચિમ રેલવે શ્રી અનિલ વાઘેલા, ડી.ડી.ઓ. શ્રી મહેન્દ્રભાઈ સોલંકી, બાયસેફ એક્ટીવીસ્ટ, શ્રી નટુભાઈ પરમાર, નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક હાજર રહેશે. પરિસંવાદમાં મુખ્યનિવાસી બહુજન સમાજને હાજર રહેવા એકતા મંચના કન્વીનર શ્રી સોમ વાઘેલાએ જણાવેલ છે.

## હીરામણી સ્કૂલમાં $H_1N_1$ પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદ અને કચ્છમાં સ્વાઈન ફલુના દર્દીઓનું પ્રમાણ રોજબરોજ વધતુ જાય છે. આ એ ગંભીર પ્રકારનો રોગ હોવાથી તેની સાવચેતી માટે બાળકોમાં સ્વાઈન ફલુ વિષે જાગૃતિ આવે તે માટે હીરામણિ શાળામાં ધો. ૪ થી ધો. ૭ ના વિદ્યાર્થીઓને હીરામણિ સંસ્થાના રેસિડેન્સ મેડિકલ ઓફિસર ડૉ. જય દલાલ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેવી કે સ્વાઈન ફલુના લક્ષણો, સ્વાઈન ફલુની સાવચેતી માટે બાળકો અને માતા-પિતાએ લેવાના પગલાં અને જો બાળકને શરદી, ખાંસી, તાવ, માથાનો દુખાવો, ઝાડા-ઉલટી જેવા લક્ષણો એક સાથે દેખાય તો તુરત જ ડૉક્ટરનો સંપર્ક કરવાનું જણાવવામાં આવ્યું હતું. નાના બાળકો એકબીજાની સાથે રમતા હોય તો, તેઓએ વારંવાર સાબુથી હાથ ધોવા માટે જણાવવામાં આવ્યું હતું. કોઈ બાળકને વધારે શરદી હોય કે તાવ આવતો હોય તો અન્ય બાળકને ચેપ ન લાગે તે માટે શાળાએ ન આવવાનું પણ જણાવવામાં આવ્યું હતું. આ જાગૃતિ અભિયાનમાં બાળકોએ ખુબ જ ઉત્સુકતા બતાવી સ્વાઈન ફલુ વિષે ડૉક્ટર પાસેથી વિવિધ જાણકારી મેળવી હતી.




### કલીન એન્ડ ગ્રીન શહેર દિવસની ઉજવણી

સેકટર-૨૨ સ્વામિનારાયણ પોલીટેકનિકમાં આજે કલીન એન્ડ ગ્રીન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. નિજાનંદ-૧૫ સપ્તાહમાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમને અનુરૂપ ગ્રીન કપડા પહેરી સ્વચ્છ અને હરિયાળુ શહેર બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# દરિયો કહે કે ખારાશ ન રાખો તો કેવું લાગે

**રોહિતોપદેશ**
- રોહિત શાહ

એક મહાત્મા તેમના વ્યાખ્યાનમાં ઉપદેશ આપતા હતા : લાઇફમાં કદી નેગેટિવ ન બનો. સકસેસ માટેની માસ્ટર કી પોઝિટિવ થિન્કિંગ છે. જો તમે દરેક બાબતમાં પોઝિટિવ થિન્કિંગ કરશો તો તમારી લાઇફના અનેક પ્રોબ્લેમ્સ સોલ્વ થઇ જશે. જો કોઇ તમને ગાળ આપે તો એમ સોચો કે તેને તમને શારીરિક ઇજા તો નથી કરી ને! જો કોઇ તમને અપમાનિત કરે તો એમ સમજો કે એ દ્વારા તમારું ગયાં જન્મનું ઋણ ચૂકવાઇ રહ્યું છે, ગયાં જન્મમાં તમે તેને અપમાનિત કર્યો હશે એટલે આ જન્મમાં તેનો હિસાબ ચૂકતો થઇ રહ્યો છે.

તે મહાત્માનાં જૂઠાણાં આટલેથી જ અટક્યાં નહોતાં. તેમણે તો આગળ વધીને એમ પણ કહ્યું કે દેહ અને આત્માને અલગ સમજવા એ જ્ઞાન છે, તમારું નામ એ તો તમારી સ્થૂળ ઓળખ છે, આત્માને કોઇ નામ-ઠામ નથી હોતું, આત્માનું કદી ઇન્સલ્ટ પણ નથી થતું અને આત્માને કશી ઇજા પણ નથી થતી. ભૂખ-તરસ વગેરે દુઃખો કેવળ દેહમાં છે, આત્માને એવા દુઃખો સ્પર્શી પણ શકતા નથી!

પોઝિટિવ થિન્કિંગનો ઉપદેશ આપનારા તે મહાત્માને સભામાંથી એક વ્યક્તિ પણ એવો સવાલ પૂછવાની હિંમત કરતી નહોતી કે 'બાપજી! તમે આ સંસારને પોઝિટિવ થિન્કિંગથી સમજવાની સહેજે કોશિશ કરી હતી ખરી? જે માતા-પિતાએ તમને આ પૃથ્વી પર પેદા કર્યા અને તમે નાના હતા ત્યારે તમારાં બાળોતિયાં ધોયાં, તમને સ્તનપાન કરાવ્યું, તમને ઉછેરીને મોટા કર્યા એ માતા-પિતાને તમે શા માટે છોડી દીધાં? સગાં-સ્વજનો અને મિત્રોનાં સંબંધમાંથી તમને સ્વાર્થની બદબૂ આવી એટલે એ છોડીને તમે ગુરુશિષ્ય અને ભક્તોના નવા સંબંધો પેદા કર્યા. તમારી પાસે પોઝિટિવ થિન્કિંગનો એક છાંટો પણ હોત તો તમે લાગણીથી તરબતર થઇ શક્યા હોત અને તાજગીભર્યું જીવન જીવી શક્યા હોત. તમારે નોકરી-વ્યવસાય ન કરવાં પડે એટલે ત્યાગી-વૈરાગી બનીને બીજાના પુરુષાર્થનું રળેલું ખાવાનું અને પહેરવાનું સ્વીકારી લીધું. શું તમને નથી લાગતું કે આ બધું છળકપટ તમારા નેગેટિવ થિન્કિંગનું વરવું પરિણામ છે? તમારી પાસે પોઝિટિવ થિન્કિંગ હોત તો સંસારને અને સમાજને ત્યાગવાની નોબત જ ન આવી હોત ને? સ્થૂળ દુઃખોથીયે ડરી જનારા તમે કાયર તો નથી ને? તમે તો રણમેદાન છોડીને ભાગી ગયેલા છો. તમારાં કર્તવ્યો અને ફરજો બાબતે તમે કદી તટસ્થ ભાવે ખાનગીમાં વિચાર્યું છે ખરું? જે જગત તમારી પ્રાથમિક સગવડો પૂરી પાડે છે એને મિથ્યા કહેવા પાછળ તમારું કયું પોઝિટિવ થિન્કિંગ છે?'

બાપજી સામે ઓડિયન્સ કંઇ જ બોલતું નથી, એટલે બાપજી હીરો બીને જૂઠાણાં ચરકતા રહે છે. કેટલાક શ્રોતાઓ મનમાં તો બધું સમજતા હોય છે, પરંતુ વ્યર્થ વિવાદથી વેગળા રહેવાનું પસંદ કરીને ચૂપ રહે છે. આપણને ઘેર પહોંચતાં સહેજ મોડું થાય તોય આપણી માતા કે પત્ની કેવી બેબાકળી થઇ ઊઠે છે! મૃત્યુ પામેલી વ્યક્તિના બેસણામાં આવતાં સેંકડો લોકોને કયો સ્વાર્થ હોય છે અજાણી વ્યક્તિને બસ કે ટ્રેનમાં પોતાની સીટ આપવાની ઉત્સુકતા બનાવનાર વ્યક્તિને સ્વાર્થી કહેતાં આપણી જીભ કેમ ઉપડે? અનાથાશ્રમો, પુસ્તકાલયો, ઘરડાંઘર, ચબૂતરા, પાંજરાપોળ વગેરે સંસ્થાઓને પોષતા લોકોને આપણે સંત-મહાત્મા કરતાં વધુ પવિત્ર ન સમજીએ તો એ આપણી નાદાનિયત અને નફ્ટાઇ છે.

જ્ઞાનની બડી-બડી વાતો કરીને, દેહ અને આત્માને જુદા પાડતા કહેવાતા જ્ઞાનીને વ્યાખ્યાન આપવા માટે સરસ સિંહાજન તો જોઇએ જ છે. તે જ્ઞાની મહાત્મા કેમ પોતાના દેહને કશું કષ્ટ આપતા નથી? ઉપદેશમાં તો તેઓ કહે છે કે નામનો પણ મોહ ન રાખવો જોઇએ, પરંતુ હકીકતમાં તે પાખંડીઓ પોતાના નામને 'આત્મજ્ઞાની', 'દીક્ષાદાનેશ્વરી', 'તીર્થોદ્ધારક', 'યુવાસમ્રાટ', 'પ્રાતઃસ્મરણીય' જેવા વાહિયાત વિશેષણોથી સતત સમજાવતા રહે છે. પોતાના નામની પાછળ 'ભગવંત', 'દેવ', 'દેવેશ' જેવાં પૂંછડાં ચોંટાડ્યા વગેરે તેમને કેમ ચેન પડતું નથી? શું આપણું એકલાનું જ નામ મિથ્યા હોય છે? તેમનું નામ શાશ્વત હોય છે?

કોઇ વેશ્યા આપણને બ્રહ્મચર્યનો ઉપદેશ આપે તો કેવું લાગે? દરિયો આપણને ખારાશ ન રાખવાનો બોધ આપે તો કેવું લાગે? માત્ર અને માત્ર નેગેટિવ અને સંકુચિત સોચના કારણે જેને સંસાર અને સંબંધોનો (કહેવાતો) ત્યાગ કર્યો હોય એવા લોકો આપણને પોઝિટિવ થિન્કિંગની પ્રેરણા આપવા માટેની શિબિરો યોજવામાં ત્રાગાં કરે તો આપણે કેવું લાગે?

જ્ઞાનના નામે ભ્રાંતિઓમાં ભટકાવતાં જૂઠાણાંની આરપારનું સત્ય સૌને સમજાય તો ને પ્રોબ્લેમ.